पुणा International School
Shree Swaminarayan Gurukul, Zundal

| Student Name | | | | | |
|---|---|---|---|---|---|
| Date | 10/09/2020 | Grade | X | Roll No. | |
| Subject | Gujarati | Marks | 50 | Time | 3 hours |

# SECTION : A

## PART A

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 4 માર્ક્સ

કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો
1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?
2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?
3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?
4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?

( ક ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 5 માર્ક્સ

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ ;
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને ક્યાંય પટકજે નદી સરોવર તીર ;
મને સૌ પીડતુ છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉં દાસ ;

પથ્થર થઇ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ જ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હ્યદયમાં ગમતું મને ના એમ;
પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.
પથ્થરને આપે પ્રભુ પદ લોકો હીરલે જડતા અંગ;
એમાથી તું ઉગારી લેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
પ્રભુપદ કોઇને દેજે રે મને તો તુ પથ્થર ઘડજે રે;
કહ્યું દે  વ ! આટલું કરજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.

1) કવિ શું બનવાની ઇચ્છા ધરાવે છે ?
2) કવિ હીરો બનવાની શા માટે ના પાડે છે ?
3) કવિ પૃથ્વીની સેવા કેવી રીતે કરવા માગે છે ?
4) કવિ પોતાને શામાથી ઉગારી લેવા પ્રભુને વિનવે છે ?
5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

પ્રશ્ન 2 : સાચો વિકલ્પ શોધીને જવાબ લખો 6 માર્ક્સ

1 કોના દર્શનથી મીરાંબાઇનાં દુ:ખ દૂર થાય છે?
અ) ગિરિધર બ) વિષ્ણું ક) શિવ ડ) હનુમાનજી

2 મોરલીનો નાદ ક્યાં ગાજે છે?
અ) ગગન બ) ધરતી ક) દિશાઓ ડ) પાતાળ

3 કવિ પોતાના જીવનને કેવું બનાવવા માગે છે?
અ) સુઘડ બ) આકર્ષક ક) સ્વચ્છ ડ) પરોપકારી

4 ટિકિટ માટે ભદ્રંભદ્ર ક્યો શબ્દ પ્રયોજે છે?
અ) મૂલ્યપત્રીકા બ) પત્રીકા ક) કંકોત્રી ડ) નિમંત્રણ કાર્ડ

5 મુંબઇ માટે ભદ્રંભદ્ર ક્યો શબ્દ પ્રયોજે છે?
અ) બોમ્બે બ) મુમઇ ક) મોહમઇ ડ) મોમાઇ

6 રજાઓમાં છોકરાઓ લેખકને ક્યાં જવાનું કહે છે?
અ) બોમ્બે બ) આગ્રા ક) બરોડા ડ) અમદાવાદ

## નીચેની કહેવતોનો અર્થ આપો( કોઇ પણ ત્રણ ) 3 માર્ક્સ

1 આંખોમાથી શ્રાવણ ભાદરવો વહેવા

2 ઊની આંચ ન આવવી

3 કડવો ઘુંટડો ગળી જવો

4 ડાગળી ચસકી જવી

5 દીપક હોલવાઇ જવો

## નીચેના સમાનાર્થી શબ્દ લખો 3 માર્ક્સ

1 અચાનક

2 ઉમંગ

3 ડુંગર

## નીચેના વિરોધી શબ્દ લખો 2 માર્ક્સ

1 કુદરતી

2 ઉદય

## PART B

## કાવ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નના જવાબ આપો

વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે,
તેનો નાદ ગગનમાં ગાજે છે.
વૃંદા તે વનને મારગ જાતા, (વહાલો) દાણ દધિનાં માગે છે
વૃંદા તે વનમાં રાસ રચ્યો છે, ( વહાલો) રાસમંડળમાં બિરાજે છે

પીળાં પીતાંબર જરકસી જામા, પીળો પટકો બિરાજે છે.
કાને તે કુંડળ મસ્તકે મુગટ, મુખ પર મોરલી બીરાજે છે.

વૃંદા તે વનની કુંજગલીમાં, વહાલો થનક થનક થૈ નાચે છે.
બાઇ મીરાં કે પ્રભુ ગિરિધરનાં ગુણ, દર્શન થકી દુ:ખ ભાંગે છે.

એક વાક્યના ઉતર 2 માર્ક્સ

1 આ કાવ્ય કોના માટે લખાયુ છે?

2 આ કાવ્યમાં ક્યાં ગામની વાત કરી છે?

બે કે ત્રણ વાક્યમાં ઉતર આપો 4 માર્ક્સ

1 આ કાવ્યમાં શ્રીકૃષ્ણનુ વર્ણન કરો.

2 આ કાવ્યમાં વૃંદાવનનું વર્ણન કરો.

## ફકરો વાંચી નીચે આપેલા પ્રશ્નના જવાબ આપો

બારણું ધકેલીને અંદર રૂમમાં દાખલ થઇ. ઓરડામાં તો અંધારું ઘોર. ભીતે હાથ ફેરવી સ્વિચ દાબી. આમતેમ નજર દોડાવી. ત્યાં તો નજર પડી, પડી એવી જડાઇ ગઇ. જે મોટા ટોપલામાં એમના શયનાર્થે રજવાડી સગવડ કરી આપી હતી તેમાથી જ ટપોટપ એ ત્રણેય ટબૂકલાં બહાર આવ્યા.મારી ગેરહાજરીમાં બાએ એમને સાચવવામાં ઠીક ઠીક શ્રમ લીધો હોય એમ જણાતું હતું. બહાર નીકળ્યાં એવા એ ત્રણેય પકડદાવ રમવા લાગ્યાં. મારી હાજરીની એમણે જરા પણ નોંધ ન લીધી. કાળા રેશમના બન્યા હોય એવો એમનો રંગ. જરીકે ફેર નહિ. દેશી બિલાડીઓને હોય એવું એકાદ સફેદ કે કેસરી ટપકું પણ નહિ. કાળો એટલે કાળો અમાસની રાતના પોલમાથી તાર કાઢી ઝળહળ તડકે ઝબોળી તૈયાર કરી હોય એવી રુંવાટી.

નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો 3 માર્ક્સ

1. લેખીકાં ક્યાં દાખલ થઇ ?
2 ઓરડામાં શું હતુ?
3 ટબૂકલા ક્યાં સુતા હતા?

નીચેના પ્રશ્નોના ઉત્તર આપો 6 માર્ક્સ

1 લેખીકા રૂમમાં આવ્યા ત્યારનું દ્રશ્ય શું હતુ ?
2 લેખીકાની નજર કેમ જડાઇ ગઇ?
3 ટબૂકલાનું વર્ણન કરો.

નીચેના વિશે નિબંધ લખો. 6 માર્ક્સ

1) એક ફૂલની આત્મકથા 2) માતૃપ્રેમ

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. 6 માર્ક્સ

એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઇ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.